सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૨૧ | ૦૪ | ૨૦૨૨ |
| નોંધ્યા તારીખ: | ૨૧ | ૦૪ | ૨૦૨૨ |
| ફેંસલ તારીખ: | ૦૮ | ૦૫ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૪ | ૦૦ | ૧૭ |

## મહે. એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ સાહેબશ્રીની કોર્ટમાં મુ.કપડવંજ.

**રેગ્યુલર સીવીલ અપીલ નં. ૧૧/૨૦૨૨**
**આંક : ૫૧**

**એપેલેન્ટ :–** (મુળ વાદી)

(૧) રતનભાઈ ધુળાભાઈ વણકર
ઉ.વ. ૬૫ , ધંધો . ખેતી ,
રહે. મુ. હીરાપુરા, તાબે. અલવા, તા . કપડવંજ , જી. ખેડા.

(૨) ખાતુભાઈ ધુળાભાઈ વણકર
ઉ.વ. ૬૮ , ધંધો . ખેતી ,
રહે. મુ. હીરાપુરા, તાબે. અલવા, તા . કપડવંજ , જી. ખેડા.

**<u>વિરૂધ્ધ</u>**

**રીસ્પોન્ડન્ટ :–** (મુળ પ્રા.વાદી)

(૧) કાળીદાસ જેઠાભાઈ પંચાલ
ઉ.વ. ૬૩, ધંધો .ખેતી,

(૨) સવિતાબેન ભીખાભાઈ પંચાલની વિધવા
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ,

(૩) લવજીભાઈ ભીખાભાઈ પંચાલ
ઉ.વ. પુખ્ત , ધંધો. ખેતી,

(૪) ગુણવંતભાઈ ભીખાભાઈ પંચાલ
ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી,

(૫) કંકુબેન મોહનભાઈ પંચાલની વિધવા

ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ,

(૬) ધીરૂભાઈ મોહનભાઈ પંચાલ

ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી,

(૭) નગીનભાઈ મોહનભાઈ પંચાલ

ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી,

(૮) ઈલાબેન વિષ્ણુભાઈ પંચાલની વિધવા

ઉ.વ. પુખ્ત, ધંધો.ઘરકામ,

(૯) અશોકભાઈ મોહનભાઈ પંચાલ

ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી,

(૧૦) દિક્ષીતકુમાર વિષ્ણુભાઈ પંચાલ

ઉ.વ. પુખ્ત, ધંધો. ખેતી,

તમામ રહે. મુ. હીરાપુરા, તાબે. અલવા, તા . કપડવંજ , જી. ખેડા.

(૧૧) મામલતદારશ્રી, કપડવંજ,

ઉ.વ. પુખ્ત, ધંધો. નોકરી,

મામલતદાર કચેરી, મુ.તા. કપડવંજ, જી. ખેડા.

(૧૨) આસીસ્ટન્ટ કલેકટરશ્રી, કપડવંજ.

ઉ.વ. પુખ્ત, ધંધો. નોકરી,

પ્રાન્ત કચેરી, મુ.તા. કપડવંજ, જી. ખેડા.

**સીવીલ પ્રોસીઝર કોડની કલમ–૯૬ મુજબ અપીલ....**

********************************************************************************

એપેલેન્ટ તરફે વિધ્વાન વકીલ.શ્રી બી.આર.પટેલ

રીસ્પોન્ડન્ટ તરફે વિધ્વાન વકીલ શ્રી એચ.એમ.જોષી

********************************************************************************

**:: ઠ રા વ ::**

(૧) સદર એપેલેન્ટે એ મૂળ દાવાના વાદીઓ હોય તેમજ રીસ્પોન્ડન્ટ એ મૂળ દાવાના પ્રા.વાદીઓ હોય અપીલના કામે સરળતા ખાતર એપેલેન્ટ અને રીસ્પોન્ડન્ટ તરીકે સંબોધવામાં આવેલા છે. એપેલેન્ટની હાલની અપીલની ટૂંકમાં હકીકત એવી છે કે, એપેલન્ટની મોજે અલવા ના સર્વે નં.

૩૨ જેનુ ક્ષેત્રફળ હે. ૦–૯૫–૧૦ વાળી જમીન વાદીઓની માલીકીની આવેલી છે. સદર જમીનમાંથી પ્રા.વાદીઓની સર્વે નં. ૩૧, ૩૩ તથા ૩૪ માં હળ, બળદ, ગાડુ, ટ્રેકટર, ટ્રોલી વિગેરે ખેતીના ઓજારો સાથે કાયદેસર જવા આવવાનો કોઈ રસ્તો કે, રસ્તાનો હકક આવેલા નથી તે જાહેર કરવા પ્રા.વાદીનાઓ વિરૂધ્ધ જાથુનો મનાઈ હુકમ મેળવવા કપડવંજના મહે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.દિ.મુ.નં. ૧૯/૨૦૧૯ થી દાવો દાખલ કરેલ હતો. જે કામે તા. ૧૫–૦૩–૨૦૨૨ ના રોજ મહે. કપડવંજના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબનાઓએ હુકમ કરી દાવો નામંજુર કરતા જે હુકમથી નારાજ થઈ નીચેના કારણોસર હાલની અપીલ દાખલ કરેલ છે.

(૨) નામ.ટ્રાયલ કોર્ટે આપેલ જજમેન્ટ તે મનસ્વી વિરોધાભાસી તથા પુરાવા, કાયદો અને હકીકતો વિરૂધ્ધની ગંભીર ભૂલ કરેલ છે અને વાદીઓ ધ્વારા દાવો દાખલ કરતી વખતે રજૂ કરેલ દસ્તાવેજોનું ખોટી રીતે મુલ્યાંકન કરી જે હુકમ કરેલ છે તે એપેલેન્ટના હકકો વિરુધ્ધનો છે. તેમજ નામ. કોર્ટે હુકમ માં જે તાારણો કાઢેલા છે તારણો કાલ્પનીક બીન પાયેદાર, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધના હોઈ નામ.ટ્રાયલ કોર્ટનો હુકમ રદ્દ થવાને પાત્ર છે. તેમજ એપેલન્ટે રજુ રાખેલા પુરાવાને નામ.કોર્ટે ધ્યાને લીધા સીવાય હુકમ કરેલ હોઈ રદ્દ થવાને પાત્ર છે. નામ. ટ્રાયલ કોર્ટે દાવાના કામે આંક–૨૫ થી રજુ થયેલ દાવાવાળી જમીનોના અલવા ગામની સીમના નકશાની ખરી નકલ ધ્યાને લીધેલ નથી. નામ. ટ્રાયલ કોર્ટે કોર્ટ કમીશ્નરશ્રીના આંક–૪૪ વાળુ પંચનામુ તથા આંક–૪૫ વાળા નકશાની કોઈ હકીકત ધ્યાને લીધેલ નથી. સદર પંચનામુ તથા નકશામાં વાદીની સર્વે નં. ૩૨ માંથી પ્રા.વાદીઓનો જવા આવવાના રસ્તાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી તે હકીકત ધ્યાને લીધેલ નથી. વાદીઓની એફીડેવીટની હકીકતોને ન માનીને નામ. કોર્ટે ગંભીર ભુલ કરેલ છે. નામ. કોર્ટે આંક–૧૬ થી જે

મુદ્દા કાઢેલ છે જે હકારમાં આપવાને બદલે નકારમાં આપીને ગંભીર ભુલ કરેલ છે. નામ.ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/વાદી એ રજુ કરેલ પુરાવાનું ખોટી રીતે અર્થઘટન કરેલ છે અને જેથી પણ ટ્રાયલ કોર્ટનો હુકમ રદ થવાને પાત્ર છે. આમ નામ.ટ્રાયલ કોર્ટનો હુકમ વિવાદાસ્પદ અને વિરોધાભાસી છે. જેથી હુકમ તથા હુકમનામું રદ્દ થવાને પાત્ર છે. ટ્રાયલ કોર્ટે નામ.સુપ્રીમ કોર્ટના જે ચુકાદા ઉપર આધાર રાખેલ છે તે ચુકાદા સદર દાવાને સમર્થનકર્તા નથી. જેથી જે હુકમ કરેલ છે તે કાયદેસર ટકવા પાત્ર નથી. જેથી સદરહુ હુકમ અને હુકમનામુ રદ કરવા તેમજ સ્પે.દિ.મુ.નં. ૧૯/૨૦૧૯ નુ રેકર્ડ મંગાવી દાવાના કામે આપવામાં આવેલ હુકમ તથા હુકમનામાં રદ કરી એપેલન્ટની અપીલ મંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૩) રીસ્પોન્ડન્ટને નોટિસ કાઢવામાં આવતાં જે તેઓને બજી ગયેલ છે અને રીસ્પોન્ડન્ટ નં.૧ થી ૧૦ તરફે વિધ્વાન વકીલશ્રી એચ.એમ.જોષીનાઓ હાજર થયેલ છે. રીસ્પોન્ડન્ટ નં.૧૧ તથા ૧૨ તરફે એ.પી.પી શ્રી એમ.આર.પટેલનાઓ હાજર થયેલ છે.

રીસ્પોન્ડન્ટ નં.૧૧ તથા ૧૨ તરફે એ.પી.પી શ્રી એમ.આર.પટેલનાઓએ આંક–૩૫ થી લેખીત જવાબ રજુ કરી વધુમાં જણાવેલ છે કે, નામ.કોર્ટ ધ્વારા દાવાના કામે આંક–૫૫ થી કરેલ હુકમ ન્યાયી અને વ્યાજબી છે. તેમાં કાયદાની કે હકીકતની કોઈ ભુલ નથી. જેથી આ અપીલ ખર્ચ સહિત રદ થવાને પાત્ર છે. વાદીઓએ મોજે અલવા ના સર્વે નં. ૩૨ જેનુ ક્ષેત્રફળ હે. ૦–૯૫–૧૦ વાળી જમીનમાંથી પ્રા.વાદીઓની સર્વે નં. ૩૧, ૩૩ તથા ૩૪ માં હળ, બળદ, ગાડુ, ટ્રેકટર, ટ્રોલી વિગેરે ખેતીના ઓજારો સાથે કાયદેસર જવા આવવાનો કોઈ રસ્તો કે, રસ્તાનો હકક આવેલા નથી તે જાહેર કરવા પ્રા.વાદીનાઓ વિરૂધ્ધ જાથુનો મનાઈ હુકમ મેળવવા દાવો દાખલ કરેલ હતો. જે જમીન વાદીઓને પ્રાંત ઓફીસર સાહેબ નડીઆદના હુકમ નં. એલ.એન.ડી.૨૧૫૮ તા. ૨૫/૦૬/૭૧ નીચેના હુ.નં.લેન્ડ / વશી / ૨૬૨૩ /

એસઆરે /૪૭ તા. ૦૫/૦૭/૭૧ થી સદર જમીન પછાત વર્ગના શ્રી ધુળાભાઈ ખાનાભાઈ વણકરનાઓને કબજા હકકની રકમ આકારના છ પટની રકમ વસુલ લઈ નવી અને અવિભાજય સત્તા પ્રકાર થી જમીન ફાળવી આપેલ છે. જેથી વાદીઓએ સર્વે નં. ૩ર માંથી જવા–આવવાના રસ્તાને અટકાવેલ છે. સદર સર્વે નં. ૩ર સરકારી પડતર હોવાથી તેમાથી પ્રા.વાદીઓ વચ્ચેથી અવર જવર કરતા હતા. ત્યારબાદ સર્વે નં. ૩૪ ના વેચાણ દસ્તાવેજ નં. ર૯ર૧ તા. ર૧/૦ર/ર૦૦૩ માં સદરહુ જમીનમાં જવા–આવવાનો કાયદેસરનો કાયમી જુનો રસ્તાનો હકક ખાતુભાઈ ધુળાભાઈ વણકરના જમીનના દક્ષિણ છેડેથી મણીલાલ પુંજાભાઈની જમીનના ઉત્તરના શેઢે થઈને પ્રા.વાદીઓની જમીનમાં ખેતીના ઓજારો જેવા કે હળ, બળદ, ગાડુ, ટ્રેકટર વિગેરે લાવવા લઈ જવાના હકક રહેશે તેમ દર્શાવેલ છે. મોજે અલવા ગ્રામ પંચાયતના નકશામાં દર્શાવ્યા મુજબ સર્વે નં. ર૭ તથા ર૯ ના હીસ્સામાં જણાવ્યા મુજબ હીરાપુરા ગામમાંથી પ્રવેશ કરી સ.નં. ૩૦ વાળી જમીનમાં થઈ આગળ સ.નં. ૩૧, ૩૩, તથા ૩૪ માં જવા આવવાનો રસ્તો પાણીને લીધે ધોવાણ થઈ ગયેલ હોઈ હાલ પુરતો રસ્તા તરીકે ઉપયોગ કરી શકાય તેમ નથી અને જો સ.નં. ૩૧, ૩૩, તથા ૩૪ વાળી જમીનના માલીકોને રસ્તો આપવામાં ન આવે તો તેઓ પોતાની માલીકીની જમીનમાં ખેતી કરી શકે નહી અને તે રીતે તેઓને પણ નુકશાન થવાની શકયતા રહેલી છે. જેથી નામ.કોર્ટ ધ્વારા દાવાના કામે આંક–પપ થી કરેલ હુકમ ન્યાયી અને વ્યાજબી છે. તેમાં કાયદાની કે હકીકતની કોઈ ભુલ નથી. જેથી આ અપીલ ખર્ચ સહિત રદ થવાને પાત્ર છે.

(૪) અપીલ દાખલ થતાં મહે. કપડવંજના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટના સ્પે.દિ.મુ.નં. ૧૯/ર૦૧૯ નું રેકર્ડ મંગાવી સદર કામે સામેલ રાખવામાં આવેલ છે.

(૫) આ કામે સ્પે.દિ.મુ.નં. ૧૯/૨૦૧૯ નું રેકર્ડ,એપેલેન્ટ તથા રીસ્પોન્ડન્ટ તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તેમજ દલીલને ઘ્યાને લેતાં આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દા દિવાની અપીલના નિર્ણય માટે ઉપસ્થિત થયેલ છે.

**<u>મુદ્દા નં.૧</u>** શું એપેલેન્ટ પુરવાર કરે છે કે, મહે.કપડવંજના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી નાઓએ સ્પે.દિ.મુ.નં. ૧૯/૨૦૧૯ ના કામે તા. ૧૫/૦૩/૨૦૨૨ ના રોજ આંક-૫૫ લગત કરેલ હુકમ અને હુકમનામુ ખોટુ, ગેરકાયદેસર અને કાયદા થી પ્રસ્થાપિત સિઘ્ધાંત વિરૂઘ્ધનું હોઈ, તેમાં હસ્તક્ષેપ કરી રદ થવા પાત્ર છે ?

**<u>મુદ્દા નં.૨</u>** શું હુકમ ?

(૫.૧) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

<u>મુદ્દા નં.૧</u> : હકારમાં

<u>મુદ્દા નં.૨</u> : આખરી હુકમ મુજબ

## :: <u>નિર્ણય માટેના કારણો</u> ::

**<u>મુદ્દા નં.૧</u> :-**

(૬) એપેલેન્ટના વિઘ્વાન વ.શ્રીનાઓએ આંક-૪૫ થી લેખીત દલીલ રજુ કરી મુખ્યત્વે જણાવેલ છે કે, એપેલન્ટની મોજે અલવા ના સર્વે નં. ૩૨ જેનુ ક્ષેત્રફળ હે. ૦-૯૫-૧૦ વાળી જમીન વાદીઓની માલીકીની આવેલી છે. સદર જમીનમાંથી પ્રા.વાદીઓની સર્વે નં. ૩૧, ૩૩ તથા ૩૪ માં હળ, બળદ, ગાડુ, ટ્રેકટર, ટ્રોલી વિગેરે ખેતીના ઓજારો સાથે કાયદેસર જવા આવવાનો કોઈ રસ્તો કે, રસ્તાનો હકક આવેલા નથી તે જાહેર કરવા પ્રા.વાદીનાઓ વિરૂઘ્ઘ જાથુનો મનાઈ હુકમ મેળવવા દાવો દાખલ કરેલ. જે નામંજુર કરેલ. પ્રા.વાદીઓનો કાયમી રસ્તો સર્વે નં. ૨૯ માં

થી જવાનો છે. વાદીઓની જમીનમાં વચ્ચોવચ્ચ નવીન રસ્તો ઉભો કરેલ છે અને તેમાંથી જઈ વાદીના ખેતરના ઉભા પાકને નુકશાન પહોંચાડે છે. નામ. ટ્રાયલ કોર્ટે કોર્ટ કમીશ્નરશ્રીના આંક–૪૪ વાળુ પંચનામુ તથા આંક–૪૫ વાળા નકશાની કોઈ હકીકત ધ્યાને લીધેલ નથી. સદર પંચનામુ તથા નકશામાં વાદીની સર્વે નં. ૩૨ માંથી પ્રા.વાદીઓનો જવા આવવાના રસ્તાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી તે હકીકત ધ્યાને લીધેલ નથી. મોજે અલવા ગ્રામ પંચાયતના નકશામાં દર્શાવ્યા મુજબ સર્વે નં. ૨૭ તથા ૨૯ ના હીસ્સામાં જણાવ્યા મુજબ હીરાપુરા ગામમાંથી પ્રવેશ કરી સ.નં. ૩૦ વાળી જમીનમાં થઈ આગળ સ.નં. ૩૧, ૩૩, તથા ૩૪ માં જવા આવવાનો રસ્તો દર્શાવેલ છે. પ્રા.વાદીઓએ દાવાના કામે રજુ કરેલ આંક–૧૧ ના લેખિત જવાબમાં દાવાવાળા સ.નં. ૩૧, ૩૩ તથા ૩૪ વાળી જમીનોમાં ખેતીના ઓજારો સાથે જવા આવવા માટેનો રસ્તાનો હકક વાદીના સ.નં. ૩૨માં થઈને વચ્ચોવચ્ચ વીજ પોલની નજીક આવેલ છે તે રસ્તાનો ઉપયોગ સ.નં. ૩૪ ના વેચાણ દસ્તાવેજમાં સદર જમીનમાં જવા આવવાનો રસ્તાનો હકક ખાતુભાઈ ધુળાભાઈની જમીનના દક્ષિણ છેડેથી મણીભાઈ પુજાભાઈની જમીનના ઉત્તરના શેઢે થઈ સદરહુ જમીનમાં જવાનો રસ્તાનો હકક છે. સ.નં. ૩૪ ના વેચાણ દસ્તાવેજમાં સદર જમીનમાં જવા આવવાનો રસ્તાનો હકક ખાતુભાઈ ધુળાભાઈની જમીનના દક્ષિણ છેડેથી મણીભાઈ પુજાભાઈની જમીનના ઉત્તરના શેઢે થઈ સદરહુ જમીનમાં જવાનો રસ્તાની હકીકત જણાવે છે. વાદીઓની સ.નં. ૩૨ વાળી જમીનમાંથી પ્રા.વાદીઓ અને સ.નં. ૩૧, ૩૩ તથા ૩૪ ના પ્રા.વાદીઓએ જવા આવવાનો રસ્તાનો હકક નકકી કરવાનો અધિકાર સ.નં. ૩૪ ના માલીકને નથી તે હકીકતને નહી માનવામાં અને ઉપસ્થિત મુદ્દા પ્રા.વાદીની તરફેણમાં આપી કાયદા તથા પુરાવાની ગંભીર ભુલ કરેલ છે. જેથી પણ વાદગ્રસ્ત હુકમ તથા હુકમનામુ રદ થવાને પાત્ર છે. સ.નં. ૩૫ ના વેચાણ

દસ્તાવેજમાં સ.નં. ૩૭ ના વેચાણ દસ્તાવેજમાં જણાવેલ રસ્તાની હકીકત જણાવેલી છે તેવી કોઈ હકીકત બતાવેલ નથી. સ.નં. ૩૭ ના વેચાણ દસ્તાવેજમાં સદર જમીનમાં જવા આવવાનો રસ્તાનો હકક ખાતુભાઈ ધુળાભાઈની જમીનના દક્ષિણ છેડેથી મણીભાઈ પુજાભાઈની જમીનના ઉત્તરના શેઢે થઈ સદરહુ જમીનમાં જવાનો રસ્તાની હકીકત જણાવે છે. સદર દાવાવાળી જમીનના દક્ષિણ છેડે શેઢો આવેલ છે. અને તે શેઢે ૪૦ વર્ષ જુનુ આંબાનુ ઝાડ તેમજ અન્ય ઝાડો આવેલા છે. જેથી પ્રા.વાદીઓ હકીકતથી વિપરીત રસ્તો બતાવી નવી રસ્તાનો હકક ઉભો કરી રહેલ છે. વાદીએ સાબીત કરેલ હોય કે દાવાવાળી જમીનમાં પ્રા.વાદીઓનો રસ્તો નથી તો તે પ્રા.વાદીઓએ રસ્તો પુરવાર કરવો પડે. નામ. કોર્ટે કોર્ટ કમીશ્નરના પંચનામા તથા નકશાને ધ્યાને લીધેલ નથી. દાવાવાળી જમીન વાદીની માલીકી ની છે. જેથી નામ.ટ્રાયલ કોર્ટે આપેલ જજમેન્ટ તે મનસ્વી વિરોધાભાસી તથા પુરાવા, કાયદો અને હકીકતો વિરૂધ્ધની ગં ભીર ભૂલ કરેલ છે અને વાદીઓ ધ્વારા દાવો દાખલ કરતી વખતે રજૂ કરેલ દસ્તાવેજોનું ખોટી રીતે મુલ્યાંકન કરી જે હુકમ કરેલ છે તે એપેલેન્ટના હકકો વિરુધ્ધનો છે. તેમજ નામ. કોર્ટે હુકમ માં જે તાારણો કાઢેલા છે તારણો કાલ્પનીક બીન પાયેદાર , કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધના હોઈ નીચેની કોર્ટનો હુકમ રદ્દ થવાને પાત્ર છે. તેમજ એપેલન્ટે રજુ રાખેલા પુરાવાને નામ.કોર્ટે ધ્યાને લીધા સીવાય હુકમ કરેલ હોઈ રદ્દ થવાને પાત્ર છે. એપેલન્ટની દલીલોને ધ્યાને રાખી એપેલન્ટની અપીલ મંજુર કરી ટ્રાયલ અદાલતનો હુકમ તથા હુકમનામુ રદ કરવા અરજ ગુજારેલ છે.

(૭) રીસ્પોડન્ટ તરફે તેમના વિધ્વાન વકીલશ્રીનાઓએ આંક–૫૦ થી લેખિત દલીલ રજુ કરી જણાવેલ છે કે, દાવાવાળી મીલકતમાં પ્રા.વાદીઓનો રસ્તો આવેલ નથી તે સાબીત વાદીએ કરવાનું હોય છે. વાદીઓએ મોજે અલવા ના સર્વે નં. ૩૨ જેનુ ક્ષેત્રફળ હે. ૦–૯૫–૧૦

વાળી જમીનમાંથી પ્રા.વાદીઓની સર્વે નં. ૩૧, ૩૩ તથા ૩૪ માં હળ, બળદ, ગાડુ, ટ્રેકટર, ટ્રોલી વિગેરે ખેતીના ઓજારો સાથે કાયદેસર જવા આવવાનો કોઈ રસ્તો કે, રસ્તાનો હકક આવેલા નથી તે જાહેર કરવા પ્રા.વાદીનાઓ વિરૂધ્ધ જાથુનો મનાઈ હુકમ મેળવવા દાવો દાખલ કરેલ હતો. સર્વે નં. ૩૪ ના વેચાણ દસ્તાવેજ નં. ૨૯૨૧ તા. ૨૧/૦૨/૨૦૦૩ માં સદરહુ જમીનમાં જવા–આવવાનો કાયદેસરનો કાયમી જુનો રસ્તાનો હકક ખાતુભાઈ ધુળાભાઈ વણકરના જમીનના દક્ષિણ છેડીથી મણીલાલ પુંજાભાઈની જમીનના ઉત્તરના શેઢે થઈને પ્રા.વાદીઓની જમીનમાં ખેતીના ઓજારો જેવા કે હળ, બળદ, ગાડુ, ટ્રેકટર વિગેરે લાવવા લઈ જવાના હકક રહેશે તેમ દર્શાવેલ છે. પ્રા.વાદીઓએ મામલતદાર કોર્ટ એકટ કેસનં. ૫/૨૦૧૬ મુજબ કેસ દાખલ કરેલ હતો. જે નામંજુર થતા આસી. કલેકટર સાહેબશ્રી, કપડવંજની કોર્ટમાં રીવીજન અરજી દાખલ કરેલ. જે અરજી મંજુર કરતા કેસ રીમાન્ડ કરેલ. ત્યારબાદ મામલતદારશ્રીએ સ્થળ ઉપર જઈ પંચનામુ કરી રસ્તાનુ નિરીક્ષણ કરી હુકમ કરેલો. જે હુકમ નાયબ કલેકટરશ્રીએ કાયમ રાખેલો. આમ, દાવાના કામે તમામ દસ્તાવેજી પુરાવા તથા તમામ ની સરતપાસ તથા સાહેદોની જુબાની ઘ્યાને લઈ તથા પંચનામું તથા નકશાને ઘ્યાને લઈ હુકમ કરેલ છે તે યોગ્ય અને ન્યાયોચીત છે. આમ, નામ.ટ્રાયલ કોર્ટે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી સદરહુ દાવામાં ઉપસ્થિત થયેલ મુદ્દાઓ પુરવાર કરી શકેલ ના હોઈ, દાવો નામંજુર રાખતો હુકમ કરેલ છે તે હુકમ યોગ્ય હોઈ, અપીલ રદ્દ કરી ટ્રાયલ અદાલતનો હુકમ કાયમી રાખવા અરજ ગુજારેલ છે.

(૮) વિ. ટ્રાયલ કોર્ટે પક્ષકારોના પ્લીડીંગ્સ ઘ્યાને લઈ આંક–૧૬ થી નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરેલ છે અને તેના નીચે મુજબના નિર્ણય આપેલ છે.

1. Whether the plaintiffs prove that, plaintiffs father obtained the property bearing Survey No. 32 Admeasuring H09510 by order of Prant Officer by order No. L. N. D. 2158 Dated 25.06.1971 ?
2. Whether the plaintiffs prove that, since father of theplaintiffs late Dhulabhai Khanabhai Vankar having the independent possession over the disputed property ?
3. Whether the plaintiffs prove that, defendants having no right of way from the disputed property for accessing their own agriculture land ?
4. Whether the defendants prove that, plaintiffs have no right to file this suit ?
5. Whether the defendants prove that, plaintiffs wrongfully obstructing the defendants to accessing their agriculture land ?
6. Whether the plaintiffs are entitled to get any relief as prayed for ?
7. What Order and what Decree ?

મુદ્દા નં.૧: થી ૩: તથા ૬ '' નકારમાં'' , મુદ્દા નં. ૪ અને ૫ '' હકારમાં'' અને મુદ્દા નં. ૭ : આખરી હુકમ મુજબ

(૯) નામ. ટ્રાયલ કોર્ટે ઉપરોકત મુદ્દા પૈકી મુદા નં ૦૧ થી મુદ્દા નં. ૦૩ અને ૦૬ ને નકારમાં આપી મુદ્દા નં. ૦૪ અને ૦૫ ને હકારમાં આપી મુદ્દા નં. ૦૭ નો આખરી હુકમ કરેલ છે. નામ. ટ્રાયલ કોર્ટે ઉપરોકત મુદ્દાઓનો નિર્ણય પડેલ પુરાવાનુ યોગ્ય મુલ્યાંકન કરીને આપેલ છે કે કેમ ? તે અંગે બંને પક્ષે રજુ થયેલ પુરાવાનુ સર્વગ્રાહી મુલ્યાંકન કરતા, સ્પે.દિ.મુ.નં. ૧૯/૨૦૧૯ ના કામે વિ.ટ્રાયલ કોર્ટે વાદી તથા પ્રા.વાદીના મૌખિક પુરાવાને ધ્યાને લઈ વાદીઓની મોજે અલવા ના સર્વે નં. ૩૨ જેનુ ક્ષેત્રફળ હે. ૦–૯૫–૧૦ વાળી જમીનમાંથી પ્રા.વાદીઓની સર્વે નં. ૩૧,

૩૩ તથા ૩૪ માં હળ, બળદ, ગાડુ, ટ્રેકટર, ટ્રોલી વિગેરે ખેતીના ઓજારો સાથે કાયદેસર જવા આવવાનો કોઈ રસ્તો કે, રસ્તાનો હકક આવેલ હોવાની હકીકત માનેલ છે.

(૧૦) બન્ને પક્ષની દલીલ, રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ નિશાની ૩/૧ રજૂ થયેલ સ્પે.દિ.મુ.નં. ૧૯/૨૦૧૯ નો આંક–૫૫ ની સર્ટીફાઈડ નકલ તથા રેર્કડ વંચાણે લેતા આ કામે નામ.ટ્રાયલ કોર્ટે આંક–૫૫ નો તેમનો હુકમ એપેલેન્ટ તરફે રજૂ થયેલા પુરાવાનું સંપૂર્ણ મુલ્યાંકન કરેલ છે. સદર પુરાવાનું પુન:મુલ્યાંકન કરવામાં આવે તો સ્પે.દિ.મુ.નં. ૧૯/૨૦૧૯ના કામે એપેલન્ટ/વાદીઓએ મોજે અલવા ના સર્વે નં. ૩૨ જેનુ ક્ષેત્રફળ હે. ૦–૯૫–૧૦ વાળી જમીનમાંથી પ્રા.વાદીઓની સર્વે નં. ૩૧, ૩૩ તથા ૩૪ માં હળ, બળદ, ગાડુ, ટ્રેકટર, ટ્રોલી વિગેરે ખેતીના ઓજારો સાથે કાયદેસર જવા આવવાનો કોઈ રસ્તો કે, રસ્તાનો હકક આવેલા નથી તે જાહેર કરવા પ્રા.વાદીનાઓ વિરૂધ્ધ જાથુનો મનાઈ હુકમ મેળવવા દાવો દાખલ કરેલ હતો. સ્પે.દિ.મુ.નં. ૧૯/૨૦૧૯ ના કામે રજુ થયેલા પુરાવાનું પુન: મુલ્યાંકન કરતા કોર્ટ કમીશ્નર ધ્વારા પંચનામા તેમજ નકશો આંક– ૪૪ અને ૪૫ થી રજુ કરેલ છે. જે મુજબ વાદગ્રસ્ત સર્વે નં. ૩૨ વચ્ચોવચથી પ્રા.વાદીઓ અવરજવર કરતા હોઈ તેવુ જણાઈ આવે છે. એપેલન્ટ/વાદીએ વાદગ્રસ્ત જમીનમાં પ્રા.વાદી ધ્વારા સદર જમીનની વચ્ચોવચ થઈ રસ્તાનો નવીન હકક ઉભો કરવા પ્રા.વાદીઓ ધ્વારા કોશીષ કરતાં દાવો દાખલ કરેલ છે. વધુમાં પ્રા.વાદીઓએ દાવાના કામે રજુ કરેલ આંક–૧૧ ના લેખિત જવાબમાં દાવાવાળા સ.નં. ૩૧, ૩૩ તથા ૩૪ વાળી જમીનોમાં ખેતીના ઓજારો સાથે જવા આવવા માટેનો રસ્તાનો હકક વાદીના સ.નં. ૩૨માં થઈને વચ્ચોવચ્ચ વીજ પોલની નજીક આવેલ છે તે રસ્તાનો ઉપયોગ કરતા હોવાનુ જણાવેલ છે. જયારે સ.નં. ૩૪ ના વેચાણ દસ્તાવેજમાં સદર જમીનમાં જવા આવવાનો રસ્તાનો હકક ખાતુભાઈ ધુળાભાઈની જમીનના દક્ષિણ છેડેથી

મણીભાઈ પુજાભાઈની જમીનના ઉત્તરના શેઢે થઈ સદરહુ જમીનમાં જવાનો રસ્તાનો હકક હોવાની હકીકત જણાવે છે. વાદીઓની સ.નં. ૩૨ વાળી જમીનમાંથી પ્રા.વાદીઓ અને સ.નં. ૩૧, ૩૩ તથા ૩૪ ના પ્રા.વાદીઓએ જવા આવવાનો રસ્તાનો હકક નકકી કરવાનો અધિકાર સ.નં. ૩૪ ના માલીકને નથી. વધુમાં રીસ્પોન્ડન્ટ નં. ૧૧અને ૧૨ તરફે રજુ આંક–૩૫ થી લેખિત જવાબ/દલીલો રજુ કરી જણાવેલ છે કે, તકરારી જમીન વાદીઓને પ્રાંત ઓફીસર સાહેબ નડીઆદના હુકમ નં. એલ.એન.ડી.૨૧૫૮ તા. ૨૫/૦૬/૭૧ નીચેના હુ.નં. લેન્ડ / વશી / ૨૬૨૩ / એસઆરે /૪૭ તા. ૦૫/૦૭/૭૧ થી સદર જમીન પછાત વર્ગના શ્રી ધુળાભાઈ ખાનાભાઈ વણકરનાઓને કબજા હકકની રકમ આકારના છ પટની રકમ વસુલ લઈ નવી અને અવિભાજય સત્તા પ્રકાર થી જમીન ફાળવી આપેલ છે. જેથી વાદીઓએ સર્વે નં. ૩૨ માંથી જવા–આવવાના રસ્તાને અટકાવેલ છે. સદર સર્વે નં. ૩૨ સરકારી પડતર હોવાથી તેમાથી પ્રા.વાદીઓ વચ્ચેથી અવર જવર કરતા હતા. ત્યારબાદ સર્વે નં. ૩૪ ના વેચાણ દસ્તાવેજ નં. ૨૯૨૧ તા. ૨૧/૦૨/૨૦૦૩ માં સદરહુ જમીનમાં જવા–આવવાનો કાયદેસરનો કાયમી જુનો રસ્તાનો હકક ખાતુભાઈ ધુળાભાઈ વણકરના જમીનના દક્ષિણ છેડેથી મણીલાલ પુંજાભાઈની જમીનના ઉત્તરના શેઢે થઈને પ્રા.વાદીઓની જમીનમાં ખેતીના ઓજારો જેવા કે હળ, બળદ, ગાડુ, ટ્રેકટર વિગેરે લાવવા લઈ જવાના હકક રહેશે તેમ દર્શાવેલ છે. પરંતુ મોજે અલવા ગ્રામ પંચાયતના નકશામાં દર્શાવ્યા મુજબ સર્વે નં. ૨૭ તથા ૨૯ ના હીસ્સામાં જણાવ્યા મુજબ હીરાપુરા ગામમાંથી પ્રવેશ કરી સ.નં. ૩૦ વાળી જમીનમાં થઈ આગળ સ.નં. ૩૧, ૩૩, તથા ૩૪ માં જવા આવવાનો રસ્તો પાણીને લીધે ધોવાણ થઈ ગયેલ હોઈ હાલ પુરતો રસ્તા તરીકે ઉપયોગ કરી શકાય તેમ નથી અને જો સ.નં. ૩૧, ૩૩, તથા ૩૪ વાળી જમીનના માલીકોને રસ્તો આપવામાં ન આવે તો તેઓ પોતાની માલીકીની જમીનમાં

ખેતી કરી શકે નહી અને તે રીતે તેઓને પણ નુકશાન થવાની શકયતા રહેલી છે. આમ, ગ્રામ પંચાયત અલવાના નકશામાં દર્શાવ્યા મુજબ સર્વે નં. ૨૭ તથા ૨૯ ના હીસ્સામાં જણાવ્યા મુજબ હીરાપુરા ગામમાંથી પ્રવેશ કરી સ.નં. ૩૦ વાળી જમીનમાં થઈ આગળ સ.નં. ૩૧, ૩૩, તથા ૩૪ માં જવા આવવાનો રસ્તો હોવાનુ માની શકાય. વધુમાં સદર રસ્તાનુ પાણીને લીધે ધોવાણ થઈ ગયેલ હોઈ હાલ પુરતો રસ્તા તરીકે ઉપયોગ કરી શકાય તેમ નથી તેવુ જણાવેલ છે. પરંતુ તેના કારણે વાદીઓની જમીનમાંથી નવીન રસ્તો કે રસ્તાનો હકક ઉભો કરી શકાય નહીં. વધુમાં વાદીઓની જમીનમાંથી પ્રા.વાદીઓ સ.નં. ૩૧, ૩૩ તથા ૩૪ વાળી જમીનોમાં ખેતીના ઓજારો સાથે જવા આવવા માટેનો રસ્તાનો હકક વાદીના સ.નં. ૩૨માં થઈને વચ્ચોવચ્ચ વીજ પોલની નજીક આવેલ છે તે રસ્તાનો ઉપયોગ કરતા હોવાનુ જણાઈ છે. વધુમાં પ્રા.વાદીઓએ દાવાના કામે રજુ કરેલ આંક–૧૧ ના લેખિત જવાબમાં દાવાવાળા સ.નં. ૩૧, ૩૩ તથા ૩૪ વાળી જમીનોમાં ખેતીના ઓજારો સાથે જવા આવવા માટેનો રસ્તાનો હકક વાદીના સ.નં. ૩૨માં થઈને વચ્ચોવચ્ચ વીજ પોલની નજીક આવેલ છે તે રસ્તાનો ઉપયોગ કરતા હોવાનુ જણાવેલ છે. જયારે સ.નં. ૩૪ ના વેચાણ દસ્તાવેજમાં સદર જમીનમાં જવા આવવાનો રસ્તાનો હકક ખાતુભાઈ ધુળાભાઈની જમીનના દક્ષિણ છેડેથી મણીભાઈ પુજાભાઈની જમીનના ઉત્તરના શેઢે થઈ સદરહુ જમીનમાં જવાનો રસ્તાનો હકક છે અને સ.નં. ૩૪ ના વેચાણ દસ્તાવેજમાં સદર જમીનમાં જવા આવવાનો રસ્તાનો હકક ખાતુભાઈ ધુળાભાઈની જમીનના દક્ષિણ છેડેથી મણીભાઈ પુજાભાઈની જમીનના ઉત્તરના શેઢે થઈ સદરહુ જમીનમાં જવાનો રસ્તાની હકીકત જણાવે છે. આમ, બન્ને હકીકતો અલગ અલગ જણાવેલ છે. જે માની શકાય નહીં. આમ, નામ. ટ્રાયલ કોર્ટ ધ્વારા રસ્તા અંગેની તકરારમાં એપેલન્ટ/વાદીની મીલકત અંગેના સીવીલ રાઈટને મનાઈ હુકમથી રક્ષણ આપેલ ન

હોવાનું જણાઈ આવે છે. ગ્રામ પંચાયત અલવાના નકશામાં દર્શાવ્યા મુજબ સર્વે નં. ૨૭ તથા ૨૯ ના હીસ્સામાં જણાવ્યા મુજબ હીરાપુરા ગામમાંથી પ્રવેશ કરી સ.નં. ૩૦ વાળી જમીનમાં થઈ આગળ સ.નં. ૩૧, ૩૩, તથા ૩૪ માં જવા આવવાનો રસ્તો હોવાનુ જણાઈ આવે છે. સદર નકશો જોતાં પ્રા.વાદી તેમના સર્વે નં.૩૧, ૩૩, તથા ૩૪ માં જવા આવવા માટે સાનુકૂળ રસ્તો માંગતા હોય તેવુ જણાઈ આવે છે. જયારે પ્રા.વાદીઓએ દાવાના કામે રજુ કરેલ આંક–૧૧ ના લેખિત જવાબમાં દાવાવાળા સ.નં. ૩૧, ૩૩ તથા ૩૪ વાળી જમીનોમાં ખેતીના ઓજારો સાથે જવા આવવા માટેનો રસ્તાનો હકક વાદીના સ.નં. ૩૨ માં થઈને વચ્ચોવચ્ચ વીજ પોલની નજીક આવેલ છે તે રસ્તાનો ઉપયોગ કરતા હોવાનુ જણાવેલ છે. જયારે સ.નં. ૩૪ ના વેચાણ દસ્તાવેજમાં સદર જમીનમાં જવા આવવાનો રસ્તાનો હકક ખાતુભાઈ ધુળાભાઈની જમીનના દક્ષિણ છેડેથી મણીભાઈ પુજાભાઈની જમીનના ઉત્તરના શેઢે થઈ સદરહુ જમીનમાં જવાનો રસ્તાનો હકક હોવાનુ જણાવે છે. આમ, પ્રા.વાદીની લેખીત જવાબ અને સર્વે નં. ૩૪ ના વેચાણ દસ્તાવેજની હકીકત અલગ અલગ હોઈ પ્રા.વાદીના રસ્તાનુ અસ્તિત્વ શંકા ઉપજાવે છે. વધુમાં ઈજમેન્ટ એકટની જોગવાઈ મુજબ પોતાનો સુખાધિકાર પુરવાર કરવાની જવાબદારી ભોગવટદારની રહેલી છે. વધુમાં સદર રસ્તાનુ પાણીને લીધે ધોવાણ થઈ ગયેલ હોઈ હાલ પુરતો રસ્તા તરીકે ઉપયોગ કરી શકાય તેમ નથી તેવુ જણાવેલ છે.જેથી તેના કારણે વાદીઓની જમીનમાં વચ્ચોવચ પાકને નુકશાન કરી નવીન રસ્તો કે રસ્તાનો હકક ઉભો કરી શકાય નહીં. આથી, વિ. ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/વાદીનો દાવો નામંજુર કરવાનો જે હુકમ કરેલ છે તે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધ નો છે અને વિ. કપડવંજના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજનાઓએ આંક–૫૫ થી આપેલ ચુકાદામાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં ભુલ કરેલા હોવાનું જણાઈ આવતાં એપેલન્ટના સીવીલ હકકને રક્ષણ આપવા તેમાં હસ્તક્ષેપ કરવો જરૂરી જણાતાં

**મુદ્દા નં.૧** નો જવાબ "**હકાર**" માં ઠરાવી **મુદ્દા નં.ર** અન્વયે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

## :: હુ ક મ ::

- એપેલેન્ટ/વાદીઓની હાલની અપીલ આથી **મંજૂર** કરવામાં આવે છે.

- મહે.કપડવંજના પ્રિન્સીપાલ સીનીયર જજ સાહેબનાઓએ પોતાની સમક્ષના સ્પે. દિ. મુ. નં. ૧૯/૨૦૧૯ ના કામે તા. ૧૫–૦૩–૨૦૨૨ ના રોજ આંક–૫૫ લગત કરેલ હુકમ તથા હુકમનામું આથી રદ કરવામાં આવે છે.

- વધુમાં આ કામના પ્રા.વાદી/રીસ્પોન્ડન્ટનાઓએ વાદી/એપેલન્ટની દાવાવાળી સર્વે નં. ૩ર વાળી જમીનમાંથી ખેતીના સાધનો સાથે જવા આવવા માટે કાયદેસરનો જવા આવવાનો રસ્તો કે, રસ્તાનો હકક આવેલો ન હોવાનો તથા વાદી/એપેલન્ટની દાવાવાળી જમીનમાં પ્રવેશ કરે કરાવે નહી કે, અડચણ કરે કરાવે નહી કે, હેલો હરકત કરે કરાવે નહી તેવો પ્રા.વાદી/રીસ્પોન્ડન્ટનાઓ વિરૂધ્ધ કાયમી મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

- આ હુકમની એક નકલ સાથે સ્પે. દિ. મુ.નં. ૧૯/૨૦૧૯ નું રેકર્ડ મહે. કપડવંજના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજશ્રીની કોર્ટને મોકલી આપવું.

- ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

- હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ: ૦૮ મી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૦૮–૦૫–૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
એડીશનલ ડીસ્ટ્રીકટ જજ,
કપડવંજ (ખેડા)
**કોડ નં. જીજે.૦૦૫૩૨**